



## મહેંદી તો વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે..... મહેંદી રંગ લાગ્યો..!!!

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લો નવરાત્રી મહોત્સવના રંગે રંગાયો છે. નવરાત્રી પર્વના છઠ્ઠા નોરતામાં નવરાત્રી મેદાનોમાં ખેલૈયાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. રાસ-ગરબાની રમઝટ જામી હતી. મહેંદી તો વાવી માળવેને એનો રંગ ગયો ગુજરાત રે..... મહેંદી રંગ લાગ્યો..!!! જેવા પ્રાચીન ગરબા તાલે ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા હતા.

# જનઔષધ ભંડારમાં વેચાતી દવાઓના ભાવમાં ધરખમ વધારો

હિંમતનગર, તા. ૫

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લોકોને આરોગ્ય વિષયક સારવાર અને જરૂરી દવાઓ વ્યાજબી ભાવે મળે તે આશયથી દેશમાં અનેક સ્થળે જનઔષધ ભંડાર અને દિનદયાલ ભંડાર શરૂ કરાયા હતા. જોકે શરૂઆતમાં આ ભંડારોમાંથી વેચાતી વિવિધ રોગોની દવાઓ અન્ય કંપનીઓ કરતા સસ્તી હોવાને લીધે લોકો તેના તરફ આકર્ષાયા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી રોજબરોજ કેટલાક રોગોની દવા લેતા દર્દીઓને થયેલો વધારો કમરતોડ સાબિત થયો છે.

આ અંગે લો બીપીના એક દર્દીએ જણાવ્યું હતું કે હું છેલ્લા સાત વર્ષથી ગોળીનો દરરોજ ઉપયોગ કરૂ છુ. શરૂઆતમાં જનઔષધ ભંડારમાંથી મળતી ગોળી ૩ પૈસામાં મળતી હતી. જેથી મારા જેવા અનેક દર્દીઓ આવી દવાઓ વધુ માત્રામાં ખરીદતા હતા અને આ દવાઓ સસ્તી હોવાને કારણે અન્ય જરૂરીયાતમંદ લોકોને મફતમાં આપતા હતા.

ત્યારબાદ સમયાંતરે બીપી, ડાયાબીટીસ, તાવ, શરદી તથા અન્ય રોગો માટે વપરાતી જનરીક એન્ટીબાયોટીક દવાઓ અને ગોળીઓના ભાવમાં છુપી રીતે વધારો કરી દેવાયો હતો. આટલેથી અટક્યા વિના દવાઓનું ઉત્પાદન કરતી કંપનીઓએ મોંઘવારીના નામે દવાઓના ભાવમાં ધરખમ વધારો ચાલુ રાખ્યો છે. જેના પરીણામ સ્વરૂપે ૩ પૈસાની બીપીનો ગોળીનો ભાવ આજે ૬ પૈસા થઈ ગયો છે.

તો બીજી તરફ જરૂરીયાતમંદ લોકોનુ કહેવુ છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રજાના આરોગ્ય માટે ચિંતા કરીને સસ્તી દવાઓ મળે તે માટે કરેલી પહેલ સરાહનીય છે. પરંતુ રોજબરોજ વપરાતી દવાઓના ભાવમાં સતત કરાઈ રહેલા વધારાને કારણે અનેક દર્દીઓ તેના ભાવ સાંભળીને ભડકે છે. જેથી સરકારે દવાઓના ભાવ પર અંકુશ મુકવો જોઈએ નહી તો ખાનગી કંપનીઓ મોંઘી દવા બનાવીને લોકોને પરાણે ખરીદવા માટે ફરજ પાડશે. તે પહેલા સરકારે કેટલીક દવાઓના ભાવમાં થઈ રહેલા વધારાને અંકુશમાં લઈને પ્રજાના આરોગ્યની ચિંતા કરવાની તાતી જરૂરીયાત છે.



પાલનપુર નગરપાલિકા વોર્ડ નં.૭ના અનેક વિસ્તારોની સ્ટ્રીટલાઈટ ચેરમેન ભારતી બી. ઠાકોરે જાતે મુલાકાત લઈ નિરીક્ષણ કર્યા બાદ સ્ટાફને તાત્કાલિક સફાઈ કરાવવા સૂચના આપી હતી. છેલ્લા પંદર દિવસથી સતત વોર્ડની મુલાકાત લઈ સફાઈ અભિયાન ચલાવી તથા અન્ય સમસ્યાઓનો નિવેડો લાવવા બદલ ભારતી બી. ઠાકોરની આ કામગીરીને બિરદાવી વડીલોએ આશીર્વાદ પણ આપ્યા હતા. ઉપરાંત હજુ પણ વોર્ડ નં.૭ની નગરપાલિકાને લગતી સેવાઓ માટે મો.૮૯૮૦૭૯૮૫૮૩ ઉપર સંપર્ક કરવા અપીલ કરી હતી.



### ભારતીય કિસાન સંઘ દ્વારા આવેદનપત્ર આપાયું

ખેડબ્રહ્મા તાલુકામાં વરસાદના કારણે નુકશાન થવાથી વળતર માટે ખેડૂતો ધ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા તાલુકા કિશન સંઘ ધ્વારા ખેડબ્રહ્મા તાલુકામાં પાછોતરો અતિસાય ભારે વરસાદ થવાથી તાલુકામાં ઘણા બધા પાકમાં મગફળી, કપાસ, અડદ, તુવર, સોયાબીન વગેરે પાકોમાં વરસાદના કારણે નુકશાન થવા પામેલ છે. માટે જે ખેડૂતોએ પાક વીમા લીધા છે. તેમની સર્વે કરી વીમો અને સહાય સત્વરે મળે તે માટે ઘટતું કરવા માંગ આકવામાં આવી હતી. આ આવેદન પત્ર આપવા તાલુકા પ્રમુખ શમલભાઈ પટેલ, મંત્રી અરવિંદભાઈ પાટે તથા ખેડૂતા હજાર રહ્યા હતા.

## ટીંટોઈ ઓવરબ્રિજ પાસે ચાની કેબિનમાં તસ્કરો ત્રાટક્યા : હાથફેરો માથે પડતા ચાની કેબીનને આગ લગાવી દીધી

અરવલ્લી જીલ્લામાં અસામાજિક તત્ત્વો અને ચોર-લૂંટારુ ગેંગ બેફામ બન્યા છે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાઈ રહી હોય તેવા છૂટ્યા હતા. ચાની કેબિનમાં આગ લાગવાની ઘટનાને પગલે દોડી આવેલા લોકો આગ હોલવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

આધારભૂત સૂત્રોના ચીજવસ્તુઓ હાથ ન લગતા અજાણ્યા શખ્સોએ કેબિનમાં દીવાસળી ચાંપી દેતા કેબિનમાં આગ લાગતા આગના ગોટેગોટા નીકળતા આજુબાજુમાંથી લોકો



દ્રશ્યો સામાન્ય બન્યા છે મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે ઓવરબ્રિજ નજીક ચાની કેબિનમાં પાછળના ભાગેથી કેટલાક શખ્સો લૂંટ ચલાવવાના ઈરાદે પ્રવેશતા કેબીનમાંથી રોકડ રકમ કે અન્ય ચોરવા લાયક વસ્તુ હાથ ન લગતા તસ્કરોને ફોગટનો ફેરો પડતા તસ્કરોએ કેબિનમાં આગ લગાવી દીધી હતી. બાજુમાં રહેલી પાન-મસાલાની હાથલારી પણ તોડફોડ કરી નાસી જણાવ્યા અનુસાર, મોડાસા તાલુકાના ટીંટોઈ ગામના ઝહીરહુસેન ઈસ્માઈલભાઈ બાંડીની ટીંટોઈમાંથી પસાર થતા ઓવેબ્રિજ પાસે ચા અને ટાયર-પંચરનું કેબીન આવેલું છે. ગત મોડી રાત્રે કેટલાક શખ્સોએ ચોરીની ઘટનાને અંજામ આપવા કેબીનના પાછળના ભાગેથી તોડફોડ કરી કેબિનમાં ઘૂસ્યા હતા. કેબિનમાંથી રોકડ રકમ કે અન્ય દોડી આવ્યા હતા અને આગ હોલાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. સદનસીબે કેબિનમાં રાખેલા ગેસ સિલિન્ડર ન ફૂટતા જાનહાની ટળી હતી. કેબીન આગમાં ખાખ થતા ૩ લાખ રૂપિયા જેટલાનું નુકશાન થતા કેબીનધારક પર આભ તૂટી પડ્યું હતું.

કેબીનધારક ઝહીરહુસેન બાંડીના જણાવ્યા અનુસાર કેબિનમાં રાત્રે ૪ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. ફાયરબ્રિગેડનો અને મોડાસા રૂરલ પોલીસનો સંપર્ક કરવા છતાં સંપર્ક ન થઈ શકતા આગ પર કાબુ મેળવવામાં નિષ્ફળ રહેતા કેબીન આગમાં ખાખ થઈ ગયું હતું.

## માલપુર પોલીસે ઉભરાણ ગામના બુટલેગરના ઘર પાસે પાર્ક કરેલી ગાડીમાંથી ૧.૩૯ લાખના દારૂ સાથે દબોચ્યો

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લામાં બિલાડીના ટોપની જેમ વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરોનો રાફડો ફાટ્યો છે. બાયડ-માલપુર વિધાનસભા પેટા ચૂંટણી અને નવરાત્રી પર્વમાં વિદેશી દારૂની ખપતને પુરી પાડવા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ જીલ્લામાં સ્થાનિક બુટલેગરોના અડ્ડા પર ઠાલવી રહ્યા છે.

માલપુર પોલીસે ઉભરાણ ગામે વિદેશી દારૂનો વેપલો કરનાર શખ્સના ઘરે દરોડો પાડી ઘર આગળ પાર્ક કરેલી ક્વોલિસ ગાડીમાંથી ૧.૩૯ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે ચંદ્રપાલસિંહ ઉર્ફે દીપકસિંહ યશવંત સિંહ ચૌહાણ નામના બુટલેગરને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર પોલીસ સ્ટેશનના નવનિયુક્ત પીએસઆઈ કે.એસ. સિસોદિયાએ બાતમી મળી હતી કે માલપુર તાલુકાના બુટીયા ગામનો અને ઉભારણ ગામમાં રહેતો ચંદ્રપાલસિંહ ઉર્ફે દીપકસિંહ યશવંતસિંહ ચૌહાણ નામનો શખ્સ છેલ્લા કેટલાક સમયથી ઘરમાં જ વિદેશી દારૂનો ઠેકો ખોલી મોટા પ્રમાણમાં વિદેશી



દારૂનો ધંધો ચલાવી રહ્યો છે. માલપુર પોલીસે ઉભરાણ ગામે ચંદ્રપાલસિંહના ઘરે રેડ કરી વિદેશી દારૂના જથ્થાની શોધખોળ હાથ ધરી હતી. બુટલેગરના ઘર આગળ પડેલી ક્વાલીસ ગાડીમાંથી વિદેશી દારૂ-બિયરની બોટલ, ટીન નંગ-૬૦૦ કીં. રૂ. ૧૩૯૨૦૦નો જથ્થો જપ્ત કરી ક્વોલિસ ગાડી સહીત કુલ રૂ. ૩૮૯૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ ચંદ્રપાલસિંહ ઉર્ફે દીપકસિંહ યશવંતસિંહ ચૌહાણ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉભરાણ ગામે ચંદ્રપાલસિંહ ઉર્ફે દીપકસિંહ યશવંતસિંહ ચૌહાણ નામનો બુટલેગર પોલીસતંત્રના છુપા આશીર્વાદથી છેલ્લા કેટલાય સમયથી વિદેશી દારૂનું વેચાણ કરી રહ્યો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.



### ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલમાં કલર્સ ડે ની ઉજવણી

ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૫ દિવસ વિવિધ કલર્સ ડે ના ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તા. ૩૦-૯-૨૦૧૯ થી ૪-૧૦-૨૦૧૯ સુધી પાંચ દિવસ વિવિધ કલર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પાંચ દિવસ રેડ, ગ્રીન, બ્લેક, વાઈટ જેવા વિવિધ કલર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ વિવિધ દિવસોમાં આપેલી થીમ મુજબ વિવિધ કલર્સની મેચીંગ કૃતિઓ બનાવી હતી. બાળકોએ વૃક્ષ, ફૂલો, ફ્રુટ, વેજીટેબલ, સ્કાય, જેવી વિવિધ કૃતિઓ બનાવી રજૂ કરી હતી. બાળકોએ આ પાંચ દિવસ વિવિધ ડે ને લગતા રંગબેરંગી કપડાંમાં ભાગ લીધો હતો. સ્કૂલના પ્રિન્સિપાલ રાજકુમારી રાઠોડ અને સ્કૂલના શિક્ષકોએ કાર્યક્રમમાં બાળકોને વિવિધ જાણકારી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# બાયડ કોંગ્રેસમાં ગાબડુ

### માલપુર તાલુકાના ૩૦૦થી વધુ કોંગ્રેસી કાર્યકરોએ કેસરિયો ધારણ કર્યોનો ભાજપનો દાવો

મોડાસા, તા. ૫

લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાની સાથે ઉમેદવારી નોંધાવવા રાજકીય પક્ષોના મુરતિયાઓમાં હોડ જામતી હોય છે. ટિકિટ ન મળતા અનેક રાજકીય અગ્રણીઓ અને તેમના સમર્થકો પક્ષે તેમની સાથે અન્યાય કર્યો હોવાની બૂમો પાડી પક્ષ પલટો કરી લેતા હોય છે. કેટલાક સામાજિક અગ્રણીઓ પણ સત્તાધારી પક્ષમાં લાભ ખાટવા સત્તાધારી પક્ષની આંગળી પકડી લીધી હોવાના અનેક ઉદાહરણો છે.

બાયડના કોંગ્રેસના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પણ કોંગ્રેસ પક્ષમાં અન્યાય થતો હોવાનું જણાવી રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો પંજો છોડી કેસરિયો ધારણ કર્યો હતો.

બાયડ વિધાનસભાની પેટા ચૂંટણીમાં પ્રદેશ ભાજપ મહિલા અગ્રણી રમીલાબેન બારા, સાંસદ દીપસિંહ રાઠોડ અને જીલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં માલપુરમાં યોજાયેલ સભામાં ૩૦૦થી વધુ કોંગ્રેસી કાર્યકરોએ ભાજપનો ખેસ ધારણ કર્યો હોવાનો દાવો કર્યો હતો. ભાજપમાં જોડાયેલા તમામ લોકોને કેસરિયો પહેરાવી આવકાર્યા હતા.



## ભિલોડા શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદિરનું ગૌરવ

ભિલોડા,તા.૫

શ્રી અરવલ્લી આદિજાતી વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ ધ્વારા સંચાલિત ભિલોડા શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ કાર્યક્રમ અંતર્ગત એથ્લેટીક્સ સ્પર્ધા -૦૯ વિભાગમાં કૌશિક સી.પ્રજાપતિ,સ્ટેન્ડીંગ બ્રોન્ડ જમ્પમાં જીલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી ગૌરવ વધારી રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ છે.યુવરાજ લીંબાતેં -૧૧ વિભાગમાં સ્ટેન્ડીંગ બ્રોન્ડ જમ્પમાં જીલ્લા કક્ષાએ તૃતીય ક્રમ મેળવી ગૌરવ વધારેલ છે.શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદિરના શિક્ષકો જીતેશ જોષીયારાએ લાંબી કુદમાં દ્વિતીય ક્રમ,જયશ્રીબેન પરમારએ ગોળા ફેંક સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યા છે.શ્રી અરવલ્લી આદિજાતી વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ પ્રમુખ પ્રકાશભાઈ સડાતએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બિરદાવ્યા હતા.

## ગુજરાત રાજ્ય આંજણા યુવક મંડળ મંત્રી અને ઉપપ્રમુખની નિમણુંક

ભિલોડા,તા.૫



ગુજરાત રાજ્ય આંજણા યુવક મંડળની તાજેતરમાં વિસનગર ખાતે બેઠક યોજાઈ હતી. ભિલોડા તાલુકાના બે યુવાનોની મંત્રી અને ઉપ પ્રમુખ તરીકે નિમણુંક કરાતા આનંદની લાગણી પ્રસરી છે. રામનગર ગામના (એડવોકેટ) સંકેતભાઈ એસ.ચૌધરી, ગુજરાત રાજ્ય આંજણા યુવક મંડળ, મંત્રી અને મુનાઈ ગામના મયંકકુમાર એમ. ચૌધરી, ગુજરાત રાજ્ય આંજણા યુવક મંડળ,ઉપ પ્રમુખ પદે નિમણુંક સર્વાનુમતે કરાતા સામાજીક, રાજકીય, સહકારી આગેવાનો, શુભેચ્છકોએ બિરદાવ્યા હતા.



### ભિલોડા શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદિર સમૂહગાન સ્પર્ધામાં ઝળકી

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા આયોજીત સમુહગાન સ્પર્ધાનું આયોજન માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદિર વિદ્યાલયમાં કરાયું હતું.ભિલોડા શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓ સમુહગાન સ્પર્ધામાં ઝળકી હતી.વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સંસ્કૃત સમુહગાન સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે.ગુજરાત મધ્ય પ્રાંતમાં રાજ્ય કક્ષાએ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે.વિદ્યાર્થીઓ,સલાહકાર સંગીત શિક્ષકો,આચાર્યને શ્રી અરવલ્લી આદિજાતી વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ પ્રમુખ પ્રકાશભાઈ સડાતએ બિરદાવ્યા હતા.

## ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં ગ્રામ સભા યોજાઈ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે નગરપાલિકા સમકક્ષ ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના સભા ખંડમાં ગ્રામ સભા એકદંરે શાંતિપુર્ણ માહોલમાં યોજાઈ હતી.અરવલ્લી જીલ્લા પંચાયત શાખા ઓડીટર દિપકભાઈ ગામેતી,સરપંચ અંબિકાબેન ગામેતી,ડે.સરપંચ ભીખાભાઈ પટેલ, તલાટી ક્રમ મંત્રી ગોપાલભાઈ ભટ્ટ, હેડ ક્લાર્ક ભુપેશભાઈ રાઠોડ, કારોબારી સભ્યો, આગેવાનોના અધ્યક્ષ સ્થાને ગ્રામ સભા યોજાઈ હતી.ગ્રામ સભા દરમ્યાન જાગૃત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારના જાગૃત પ્રજાજનોએ ગ્રામ સભા દરમ્યાન રસ્તા, પાણી, ગંદકી, સ્ટ્રીટ લાઈટો, પ્લોટ, ગેરકાયદેસર દબાણો હટાવવા, વિકાસલક્ષી મુદ્દાઓ સહિત વિવિધ પ્રાણ પ્રશ્નો સંદર્ભે ધારદાર રજુઆતો ગ્રામજનો ધ્વારા કરાઈ હતી.વર્ષો જુના જટીલ પ્રાણ પ્રશ્નો સત્વરે હલ કરવા સંદર્ભે ન્યાયિક રજુઆતો જાગૃત ગ્રામજનો ધ્વારા કરાઈ હતી.